## અગ્રતા ક્રમાંક: ०६

## પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૮૫૦ માન. ધારાસભ્યશ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા)

**પુરક પ્રશ્નો**

**૧. વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાનાં હેતુઓ કયા ક્યા છે? (શ્રી પ્રવીણભાઈ માળી (ડીસા))**

**૨. વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર માટે સંચાલન જૂથની પસંદગીના ધોરણો શુ છે? (શ્રી અનિકેત ઠાકર (પાલનપુર))**

**૩. વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ સંચાલક જુથે શુ કામગીરી કરવાની થાય છે? (શ્રી કે. કે. પટેલ (ઊંઝા))**

**૪. વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટરના મોનિટરીંગ અને સુપરવિઝન માટે શુ જોગવાઈ છે? (શ્રીસુખાજી ઠાકોર (બેચરાજી))**

| અન્ય પુરક પ્રશ્નો/વિગતો | |
|---|---|
| ૧. | વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાની શરૂઆત ક્યા વર્ષમાં કરવામાં આવેલ અને યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી? |
| ૨ | વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનામાં આપવાના થતા લાભોની વિગતો શુ છે? |
| ૩. | વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાના અમલીકરણના તબક્કા શું છે? |
| ૪ | વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ એક સેન્ટરની યુનિટ કોસ્ટ શુ છે? |
| ૫. | વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર દીઠ સાધન સામગ્રી ખરીદી કરવા માટે કેટલી સહાય આપવામાં આવેલ ? |
| ૬. | બનાસકાંઠા જીલ્લામાં કુલ તાલુકાવાર કેટલા કલેક્શન સેન્ટર બનાવવામાં આવેલ છે? |
| ૭. | બનાસકાંઠા જીલ્લામાં સેન્ટર દીઠ SHG સેન્ટર દીઠ એક મહિનામાં કેટલી આવક થાય છે? |
| ૮. | પુરક નોંધ વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી (ડીસા)**

**પ્રશ્ન : ૧ વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાનાં હેતુઓ કયા ક્યા છે ?**

**જવાબ:** વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર **યોજનાના હેતુઓ નીચે મુજબ છે:**

- આદિજાતિ જિલ્લાઓમાં વેજીટેબલ કલેકશન ઉભા કરવા,
- આદિજાતિ ખેડુતને ગુણવત્તાને આધારે કૃષિ પેદાશો (શાકભાજી)ના આકર્ષક ભાવો મળી રહે તે માટે પ્રયત્ન કરવા,
- કૃષિ પેદાશોની બજાર વ્યવસ્થા ઉભી કરવી જેથી ખેડુતને નફાકારક વળતર મળે.
- કૃષિ પેદાશના ઉત્પાદનક્ષમતા વિકસાવવા માર્ગદર્શન પુરૂ પાડવું.
- કૃષિ પેદાશના ઉત્પાદન સંલગ્ન સેવાઓનું સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવી.
- સજીવ ખેતી દ્વારા ઉત્પાદન મેળવવા અંગે ખેડુતોને પ્રોત્સાહિત કરવા.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી અનિકેત ઠાકર (પાલનપુર)**

પ્રશ્ન :૨ **વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર માટે સંચાલન જૂથની પસંદગીના ધોરણો શુ છે?**

જવાબ: **સંચાલન જૂથની પસંદગીના ધોરણો નીચે મુજબ છે**

1. પસંદગી પામેલ જૂથ, કલેક્શન સેન્ટર માટે **પસંદ કરાયેલ સ્થળના ગામના અથવા તે ક્લસ્ટરના આસપાસના ગામોમાંથી** હોય તે જરૂરી છે.

2. જો ઉપરોક્ત પરિસ્થિતિ મુજબ **જૂથ ન મળી શકે તો પ્રાયોજના વહીવટદારશ્રીના માર્ગદર્શન તેમજ પરવાનગીથી દુરના ગામોમાંથી યોગ્ય જૂથ પસંદ કરી શકાશે** પરંતુ, તેનાથી કલેક્શન સેન્ટરના સુવ્યવસ્થીત સંચાલન પર કોઈ અસર ન થાય તેનુ ધ્યાન રાખવાનું રહે છે.

3. જૂથના મોટાભાગના **સભ્યો ખેતી આધારીત કામગીરી સાથે સંકળાયેલ હોય** તથા **સભ્યોની જૂથમાં સક્રીયતા-સહભાગીતા** ધ્યાને રાખીને જૂથની પસંદગીમાં પ્રાથમિકતા આપવી.

4. **સ્વસહાય જૂથોના કિસ્સામાં** તેમના રચનાનો તબક્કો પૂર્ણ થયેલ હોવો જોઈએ, જૂથ ગ્રેડીંગમાં પાસ થયેલ હોય તેવું ઓછામાં ઓછા એક વર્ષથી જૂથ સક્રીય હોવુ જોઈએ,

5. જૂથના નામે **બેંકમાં ખાતુ ખોલાવેલ હોવુ જરૂરી** છે. આ ઉપરાંત જે તે જૂથ **બેંક મારફત કેશ ક્રેડીટ અથવા લોન લઈ યોગ્ય સમયે ચુકવણુ કરતુ હોય** તેમજ જેમના **હિસાબી ચોપડા (ઓછામાં ઓછા ૬ મહિનાથી) વ્યવસ્થીત જળવાતા હોય** તેવા જૂથોને પસંદગીમાં પ્રાથમીકતા આપવી.

6. **સ્વસહાય જૂથના કિસ્સામાં આર્થિક ઉપાર્જનની પ્રવુતિ શરૂ કરેલ હોય તેવા જૂથને પ્રાથમિકતા** આપવી

7. **જૂથનો કોઈ સભ્ય ડિફોલ્ટર ન હોવો જોઈએ.**

8. સંચાલક જૂથ પસંદગી પામ્યા બાદ તેનુ **નિયમિત મૂલ્યાંકન પ્રાયોજના વહીવટદાર કચેરી મારફત** કરવાનુ રહેશે. જેમાં કામગીરી **સંતોષકારક ન જણાય** તો જે તે જૂથ પાસેથી પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા **સંચાલન પરત લેવાનુ** રહેશે તથા તેઓને અપાયેલ તમામ **એસેટ તથા સાધન સામગ્રી પરત** લેવામાં આવશે અને **પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા નવા જૂથની પસંદગી** કરી સંચાલન ફરી શરૂ કરી શકાશે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી કે. કે. પટેલ (ઊંઝા)**

**પ્રશ્ન : ૩ વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ સંચાલક જુથે શુ કામગીરી કરવાની થાય છે?**

જવાબ: **વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ સંચાલક જુથે નીચે મુજબની કામગીરી કરવાની થાય છે;**

1. જૂથ દ્વારા સેન્ટર **સંચાલન અંગેના નીતિ નિયમોનું ઘડતર કરવું.**
2. કલેક્શન સેન્ટર સંચાલન માટે વિવિધ **સમિતિઓની રચના** કરવી તથા જે તે **સભ્યોને જવાબદારી** સોંપવી.
3. સભ્યો તેમજ સમિતિઓની **નિયમિત મિટીંગ કરવી.**
4. કલેક્શન સેન્ટરની **આસપાસના ગામોનાં ખેડુતોના શાકભાજી ઉત્પાદનોનું મેપીંગ** કરવુ.
5. કલેક્શન સેન્ટરથી **વિવિધ બજાર વ્યવસ્થાપન(બજારની સ્થીતી, ભાવની માહિતી વિ.) માટે મેપીંગ** કરવુ અને **બજારની સ્થિતિ અને ભાવની માહિતીથી વાકેફ રહેવુ.**
6. ખેત **ઉત્પાદનનું એકત્રીકરણ, યોગ્ય જાળવણી તથા ગુણવત્તા મુજબ ગ્રેડિંગ તેમજ પેકીંગનુ વ્યવસ્થાપન** કરવી.
7. કલેક્શન સેન્ટર સંચાલનને લગતા **તમામ રેકોર્ડ** (ઉત્પાદનના ખરીદ, વેચાણ, એકત્રીકરણ વિ.) નિભાવવા, તેમજ **હિસાબી ચોપડા નિભાવવા.**

8. પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી દ્વારા સંચાલન અર્થે અપાયેલ **સુચનાઓનું પાલન કરવુ** અને **વેચાણ તથા હિસાબી માહિતી પુરી પાડવી.**

9. કલેક્શન સેન્ટર સંચાલનને લગતા તમામ નિભાવ ખર્ચ કલેક્શન સેન્ટર થકી થતી આવકમાંથી નિયમિતપણે કરવાનો રહે છે.

10. સેન્ટરના માળખાકીય સુવિધાના બાંધકામ પ્રાયોજના કચેરી દ્વારા સુચવેલ માપદંડ મુજબ જૂથે કરવાની રહેશે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીસુખાજી ઠાકોર (બેચરાજી)**

**પ્રશ્ન : ૪ વેજીટેબલ કલેક્શન ક્મ ગ્રેડીંગ સેન્ટરના મોનિટરીંગ અને સુપરવિઝન માટે શુ જોગવાઈ છે?**

જવાબ: **વેજીટેબલ કલેક્શન ક્મ ગ્રેડીંગ સેન્ટર મોનિટરીંગ અને સુપરવિઝન માટે નીચે મુજબની જોગવાઈ છે;**

1. જીલ્લા કન્સલ્ટન્ટ દ્ધારા **દર ૧૫ દિવસે મિટીંગ કરવી** તથા સેન્ટર સંચાલન **કામગીરીનું મુલ્યાંકન કરવું.**
2. **જીલ્લા કક્ષાની મોનીટરીંગ સમિતિ** દ્ધારા **દર મહીને** સેન્ટર સંચાલન **કામગીરીનું મુલ્યાંકન** કરવાનું રહે છે તેમજ જૂથના જે તે **પ્રશ્નોના નિરાકણ** માટે તથા **સુયોજીત સંચાલન** માટે વિવિધ સંલગ્ન વિભાગો થકી કાર્યવાહી કરવામાં આવે છે.

**જીલ્લા કક્ષાએ મોનીટરીંગ સમિતિનું માળખું**

| ક્મ | અધિકારી | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | પ્રાયોજના વહીવટદારશ્રી | અધ્યક્ષ |
| ૨ | ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| ૩ | કુષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રતિનીધિ | સભ્ય |
| ૪ | બાગાયત અધિકારીશ્રી | સભ્ય |
| ૫ | ડી.એલ.એમ.શ્રી – મિશન મંગલ (જી.એલ.પી.સી) | સભ્ય |

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન – વેજીટેબલ કલેક્શન ક્મ ગ્રેડીંગ સેન્ટર યોજનાની શરૂઆત ક્યા વર્ષમાં કરવામાં આવેલ અને યોજના હેઠળ સરકારશ્રી દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.**

જવાબ :-

- વેજીટેબલ કલેક્શન ક્મ ગ્રેડીંગ સેન્ટર યોજનાની શરૂઆત **વર્ષ ૨૦૧૫–૨૦૧૬માં** કરવામાં આવેલ હતી.
- ભારત સરકારશ્રીના ખાસ કેન્દ્રીય સહાય યોજના હેઠળ **વર્ષ ૨૦૧૫–૨૦૧૬ માં રૂપિયા ૭ કરોડ ૪૭ લાખ ૭૦ હજાર** અને **વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માં રૂપિયા ૪ કરોડ ૫૦ લાખ** એમ મળી **કુલ રૂપિયા ૧૧ કરોડ ૯૭ લાખ ૭૦ હજાર** ફાળવવામાં આવેલ હતા.

Back To Index

**પ્રશ્ન- વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનામાં આપવાના થતા લાભોની વિગતો શુ છે?**

જવાબ :-

વેજીટેબલ કલેક્શન સેન્ટર યોજના હેઠળ એક સેન્ટર ઉભુ કરવા માટે યોજના હેઠળ નીચે મુજબ સહાય/લાભ આપવાનો રહેશે.

- સરકારી જમીન ઉપ્લબ્ધ હોય ત્યા સેન્ટર માટે જરૂરીયાત મુજબ **જમીનની પસંદગી તથા ફાળવણી.**
- સેન્ટર ઉભુ કરવા માટે ૪૦ X ૩૦ ફુટની જગ્યા પર વર્કશેડ બાંધકામ માટેનો સહયોગ.
- સેન્ટરના સંચાલન માટે ટેબલ–ખુરશી વગેરે ફર્નીચરની સુવિધા.
- સેન્ટરમાં ગ્રેડીંગ તથા પેકેજીંગ માટે બેગ, બોક્ષ, વજનકાંટો વગેરે મુળભૂત સુવિધા
- જુથની કુશળતા વિકાસ માટે તાલીમ
- જુથના સંચાલન માટે વાહતુક ખર્ચ

Back To Index

**પ્રશ્ન : વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાના અમલીકરણના તબક્કા શું છે?**

જવાબ: **વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજનાના અમલીકરણના ત્રણ તબક્કા છે, જેની વિગતો નીચે મુજબ છે:**

- **પ્રથમ તબક્કો– (૩ મહિના)**
  - ○ સંચાલન જૂથની પસંદગી કરવી.
  - ○ સેન્ટર માટેની જગ્યાની પસંદગી કરવી.
  - ○ સેન્ટર બાંધકામ અને ગ્રાંટ ફાળવણી કરવી.
  - ○ સંચાલન જૂથના સભ્યોની તાલીમ તથા સંચાલન માટે નિયમો નક્કી કરવા.

- **દ્વિતિય તબક્કો– (૩ મહિના)**
  - ○ સેન્ટરના વિસ્તારના પાકોના મેપીંગની કામગીરી કરવી.
  - ○ જૂથના સભ્યોને ગ્રેડિંગ, પેકેજીંગ અગેની તાલીમ આપવી.
  - ○ જૂથના સભ્યોને માર્કેટીંગ અંગેની તાલીમ આપવી.
  - ○ માર્કેટીંગ માટેનો સર્વે તથા માર્કેટ લીન્કેજ અંગેની કામગીરી કરવી.
  - ○ સેન્ટર માટે જરૂરી ફર્નીચર તથા સાધનની ખરીદી કરવી.

- **ત્રિતિય તબક્કો– (૪ મહિના)**
  - ○ સેન્ટર સંચાલનનું નિયમિત મોનિટરીંગ કરવું.
  - ○ જૂથના સભ્યો માટે જરૂરી તાલીમનું પુન: આયોજન કરવું.
  - ○ માર્કેટ ક્ષમતા વધારવી.

○ કલેક્શન સેન્ટરની સહ પ્રવૃત્તિ – પાક વાવેતર, સુધારણા, ખેડૂત જાગૃતી વગેરે અંગેની પ્રવૃત્તિઓ કરવી.

○ જૂથના સભ્યોને સેંન્ટર હેન્ડઓવર કરવા.

Back To Index

**પ્રશ્ન– વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ એક સેન્ટરની યુનિટ કોસ્ટ શુ છે?**

**જવાબ– વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ એક સેન્ટરની યુનિટ કોસ્ટની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | વિગત | યુનિટ | યુનિટ કોસ્ટ | કુલ |
|---|---|---|---|---|
| **સાધનસામગ્રી** | | | | |
| ૧ | એક કલેક્શન સેન્ટરના **બાંધકામ માટે** – **(શેડ ૪૦ફીટ x ૩૦ફીટ)** | **૧** | **૩ લાખ ૪૮ હજાર ૨૦૦** | **૩ લાખ ૪૮ હજાર ૨૦૦** |
| ૨ | ફર્નીચર (ટેબલ ખુરશી બોર્ડ વિ.) | **૧** | **૩૫ હજાર** | **૩૫ હજાર** |
| ૩ | પ્લાસ્ટીકની બેગ (૨૦ કિલો કેપેસીટી) | **૨૦૦** | **૨૮૦** | **૫૬ હજાર** |
| ૪ | ઇલેક્ટ્રોનિક વજન કાંટો (૧૦૦ કિલો) | **૧** | **૧૨ હજાર** | **૧૨ હજાર** |
| ૫ | સ્ટેશનરી (પેન,ફાઇલ,બિલ બુક વિ.) | | | **૧૫ હજાર** |
| ૬ | પ્લાસ્ટીક (ગ્રેડીંગ અને શોર્ટીંગ માટે) | **૨** | **૩ હજાર ૨૫૦** | **૬ હજાર ૫૦૦** |
| ૭ | પેકીંગ મટીરીયલ (બોક્ષ) | | **૪૫** | **૧૦ હજાર** |
| ૮ | તાલીમ (શોર્ટીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ, માર્કેટ લીંકેજ) | **અંદાજીત** | | **૧૫ હજાર** |
| ૯ | ટ્રાન્સપોર્ટેશન સર્વિસ | | | **૧૦ હજાર** |
| | | | **સાધનસામગ્રીનો ખર્ચ** | **૫ લાખ ૭ હજાર ૭૦૦** |
| **વ્યવસ્થાપન તથા વર્કીંગ કેપીટલ** | | | | |
| ૧ | એક્ષટેન્શન સર્વિસ – જીલ્લા દીઠ ૧ વ્યક્તિ– કલેક્શન સેન્ટર ના સપોર્ટીવ કામ માટે | | **મહીના દીઠ ૨૦ હજાર** | **૨ લાખ ૪૦ હજાર** |
| | **કલેક્શન સેન્ટર દીઠ કુલ ખર્ચ** | | | **૭ લાખ ૪૭ હજાર ૭૦૦** |

**Back To Index**

**પ્રશ્ન:- વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર દીઠ સાધન સામગ્રી ખરીદી કરવા માટે કેટલી સહાય આપવામાં આવેલ ?**

જવાબ:-

બનાસકાંઠા જીલ્લામાં વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર દીઠ **રૂપિયા ૧ લાખ ૫૯ હજાર ૫૦૦ની** સહાય આપવામાં આવેલ છે.

Back To Index

**પ્રશ્ન– બનાસકાંઠા જીલ્લામાં કુલ તાલુકાવાર કેટલા કલેક્શન સેન્ટર બનાવવામાં આવેલ છે?**

**જવાબ: બનાસકાંઠા જીલ્લામાં અમીરગઢ તાલુકામાં કુલ ૩ અને દાંતા તાલુકામાં કુલ ૨ એમ મળી કુલ ૫ સેન્ટર બનાવવામાં આવેલ છે.**

Back To Index

**પ્રશ્ન– બનાસકાંઠા જીલ્લામાં સેન્ટર દીઠ SHG સેન્ટર દીઠ એક મહિનામાં કેટલી આવક થાય છે?**

**જવાબ: બનાસકાંઠા જીલ્લામાં સેન્ટર દીઠ SHG સેન્ટર દીઠ એક મહિનામાં થતી આવકની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકો | સખી મંડળનું નામ | સખી મંડળ કયા ગામે સેન્ટર ચલાવે છે? | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | છાયા સખીમંડળ | ઈકબાલગઢ | અંદાજીત ૮ હજાર થી ૧૦ હજાર |
| ૨ | | ગાયત્રી કૃપા સખી મંડળ | અમીરગઢ | અંદાજીત ૮ હજાર ૫૦૦ થી ૧૦ હજાર |
| ૩ | | જય ગોગા સખી મંડળ | અમીરગઢ | અંદાજીત ૭ હજાર થી ૧૦ હજાર |
| ૪ | દાંતા | જય યોગેશ્વર સખી મંડળ | દાંતા | અંદાજીત ૯ હજાર થી ૧૦ હજાર |

Back To Index

## પુરક નોંધ

## વેજીટેબલ કલેકશન કમ ગ્રેડીંગ સેન્ટર

ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના મોટાભાગના પરિવારોને આર્થિક ઉપાર્જનનો સ્ત્રોત ખેતી છે. આદિવાસી પરિવાર દ્વારા વિસ્તાર મુજબ પરંપરાગત રીતે ખેતીના પાકોનું વાવેતર કરી ઉત્પાદન મેળવવામાં આવે છે, જે પૈકી મહત્તમ પાકો પરિવારની ખાદ્ય જરૂરીયાત ધ્યાને રાખી કરવામાં આવે છે આદિજાતિ ખેડુતો પ્રમાણમાં ઓછી જમીન ધરાવતા હોવાથી ખેતી દ્વારા વાર્ષિક ખાદ્ય જરૂરીયાત ઉપરાંત પર્યાપ્ત આર્થિક ઉપાર્જન મળતુ નથી. આથી આદિવાસી ખેડુતો ખેતીના પાકોનો પ્રકાર, પદ્ધતિ, અને માર્કેટ વ્યવસ્થા વગેરે બાબતમાં સુધારાત્મક પગલાભરે જરૂરી બને છે.

આદિવાસી વિસ્તારમાં ખેડુતો પાસે નવા પાકોના વાવેતર દ્વારા જેવા કે શાકભાજી, ફળાઉ જાતોના વાવેતર દ્વારા આર્થિક ઉપાર્જન વધારો થયેલ જોવા મળેલ છે. આ ઉત્પાદિત શાકભાજીને યોગ્ય માર્કેટીંગ દ્વારા પોષણક્ષમ ભાવો મળવાથી આદિજાતિના પરિવારોને સીધો આર્થિક લાભ મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા **વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લામાં આશરે ૧૦૦ જેટલા "વેજીટેબલ કલેક્શન સેન્ટર" ઉભા કરવાની યોજના મંજુર** કરવામાં આવેલ છે.

**વેજીટેબલ કલેક્શન સેન્ટરના મુખ્ય હેતુઓ:**

- આદિજાતિ જિલ્લાઓમાં વેજીટેબલ કલેકશન ઉભા કરવા.
- આદિજાતિ ખેડુતને ગુણવત્તાને આધારે કૃષિ પેદાશો (શાકભાજી)ના આકર્ષક ભાવો મળી રહે.
- કૃષિ પેદાશોની બજાર વ્યવસ્થા ઉભી થાય જેથી ખેડુતને નફાકારક વળતર મળે.
- કૃષિ પેદાશના ઉત્પાદનક્ષમતા વિકસાવવા માર્ગદર્શન પુરૂ પાડવું.
- કૃષિ પેદાશના ઉત્પાદન સંલગ્ન સેવાઓનું સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધી.
- સજીવ ખેતી દ્વારા ઉત્પાદન અંગે ખેડુતોને પ્રોત્સાહિત કરવા.

## **યોજના હેઠળ આપવામાં આવતી સાધન સામગ્રીની વિગત અને યુનિટ કોસ્ટ**

| **ક્રમ** | **વિગત** | **યુનિટ** | **યુનિટ કોસ્ટ** | **કુલ** |
|---|---|---|---|---|
| | **સાધનસામગ્રી** | | | |
| ૧ | એક કલેક્શન સેન્ટરના **બાંધકામ માટે** – **(શેડ ૪૦ફીટ x ૩૦ફીટ)** | **૧** | **૩ લાખ ૪૮ હજાર ૨૦૦** | **૩ લાખ ૪૮ હજાર ૨૦૦** |
| ૨ | ફર્નીચર (ટેબલ ખુરશી બોર્ડ વિ.) | **૧** | **૩૫ હજાર** | **૩૫ હજાર** |
| ૩ | પ્લાસ્ટીકની બેગ (૨૦ કિલો કેપેસીટી) | **૨૦૦** | **૨૮૦** | **૫૬ હજાર** |
| ૪ | ઈલેક્ટ્રોનિક વજન કાંટો (૧૦૦ કિલો) | **૧** | **૧૨ હજાર** | **૧૨ હજાર** |
| ૫ | સ્ટેશનરી (પેન,ફાઇલ,બિલ બુક વિ.) | | | **૧૫ હજાર** |
| ૬ | પ્લાસ્ટીક (ગ્રેડીંગ અને શોર્ટીંગ માટે) | **૨** | **૩ હજાર ૨૫૦** | **૬ હજાર ૫૦૦** |
| ૭ | પેકીંગ મટીરીયલ (બોક્ષ) | | **૪૫** | **૧૦ હજાર** |
| ૮ | તાલીમ (શોર્ટીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ, માર્કેટ લીંકેજ) | **અંદાજીત** | | **૧૫ હજાર** |
| ૯ | ટ્રાન્સપોર્ટેશન સર્વિસ | | | **૧૦ હજાર** |
| | | | **સાધનસામગ્રીનો ખર્ચ** | **૫ લાખ ૭ હજાર ૭૦૦** |
| | **વ્યવસ્થાપન તથા વર્કીંગ કેપીટલ** | | | |
| ૧ | એક્ષટેન્શન સર્વિસ – જીલ્લા દીઠ ૧ વ્યક્તિ– કલેક્શન સેન્ટર ના સપોર્ટીવ કામ માટે | | **મહીના દીઠ ૨૦ હજાર** | **૨ લાખ ૪૦ હજાર** |
| | **કલેક્શન સેન્ટર દીઠ કુલ ખર્ચ** | | | **૭ લાખ ૪૭ હજાર ૭૦૦** |

વેજીટેબલ કલેક્શન ક્મ ગ્રેડીંગ સેન્ટર યોજના હેઠળ કુલ ૧૦૦ કલેક્શન સેન્ટર ઉભા કરવાનો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ જે જીલ્લાવાર નીચે મુજબ છે

| ક્મ | જીલ્લાનુ નામ | સેન્ટરની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૫ |
| ૨ | સાબરકાંઠા | ૬ |
| ૩ | પંચમહાલ | ૬ |
| ૪ | દાહોદ | ૧૦ |
| ૫ | છોટાઉદેપુર | ૮ |
| ૬ | નર્મદા | ૭ |
| ૭ | ભરૂચ | ૫ |

| ક્મ | જીલ્લાનુ નામ | સેન્ટરની સંખ્યા |
|---|---|---|
| ૮ | ડાંગ | ૬ |
| ૯ | નવસારી | ૮ |
| ૧૦ | વલસાડ | ૧૧ |
| ૧૧ | સુરત | ૭ |
| ૧૨ | મહીસાગર | ૭ |
| ૧૩ | અરવલ્લી | ૬ |
| ૧૪ | તાપી | ૮ |

Back To Index

# વેજીટેબલ કલેશન સેન્ટર યોજનાની જીલ્લાવાર માહિતી

| ક્રમ | જીલ્લાનુ નામ | લક્ષ્યાંકીત સેન્ટરની સંખ્યા | કાર્યરત સેન્ટરની સંખ્યા | ખાનગી જમીન/ સરકારશ્રી જમીન | સેન્ટર ક્યારે ફરીથી શરૂ કરવામાં આવશે | કેટલા સેન્ટમાં યોજના હેઠળ બાંધકામ કરવામાં આવેલ છે. | બાંધકામ માટે કેટલા સેન્ટરની જમીન ઉપલબ્ધ છે. | સેન્ટર બંધ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૫ | ૦ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | સિઝન શરૂ થયેથી ફરીથી શરૂ કરવામાં આવશે | ૦ | ૦ | |
| ૨ | સાબરકાંઠા | ૬ | ૦ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | સિઝન શરૂ થયેથી ફરીથી શરૂ કરવામાં આવશે | ૦ | ૩ | સેન્ટર ભાડા પર કાર્યરત છે કારણકે માલિકીની જમીન ઉપબ્ધ ન હોવાથી સેન્ટર બંધ રહે છે. અને સિઝન મુજબ ચાલુ કરવામાં આવે છે. |
| ૩ | પંચમહાલ | ૬ | ૪ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | મકાન ન હોય જેથી ૨ સેન્ટર બંધ છે જે મકાન બાંધકામ થયે થી શરૂ કરવામાં આવશે. | ૦ | ૪ | સેન્ટર ભાડા પર કાર્યરત છે કારણકે માલિકીની જમીન ઉપબ્ધ ન હોવાથી સેન્ટર બંધ રહે છે. અને સિઝન મુજબ ચાલુ કરવામાં આવે છે. |
| ૪ | દાહોદ | ૧૦ | ૭ | ૨ સરકારી જમીનમાં કાર્યરત છે તથા અન્ય જુથના પોતાના માલીકીની જમીનમાં કાર્યરત છે. | સિઝન શરૂ થયેથી ફરીથી શરૂ કરવામાં આવશે | ૬ | ૪ | ૩ સેન્ટર ભાડા પર કાર્યરત હોય માલીકીની જમીન ઉપલબ્ધ ન હોય સેન્ટર બંધ રહે છે. |

| ક્રમ | જીલ્લાનુ નામ | લષ્યાંકીત સેન્ટરની સંખ્યા | કાર્યરત સેન્ટરની સંખ્યા | ખાનગી જમીન/ સરકારશ્રી જમીન | સેન્ટર ક્યારે ફરીથી શરૂ કરવામાં આવશે | કેટલા સેન્ટમાં યોજના હેઠળ બાંધકામ કરવામાં આવેલ છે. | બાંધકામ માટે કેટલા સેન્ટરની જમીન ઉપલબ્ધ છે. | સેન્ટર બંધ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | છોટાઉદેપુર | ૮ | ૭ | સરકારી જમીનમાં યોજના હેઠળ બાંધકામ થયેલ સેન્ટરમાં ચાલે છે. | ૧ સેન્ટર બંધ છે જે સિઝન શરૂ થયેથી શરૂ કરવામાં આવશે | ૮ | ૦ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| ૬ | નર્મદા | ૭ | ૬ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | ૧ સેન્ટર બંધ છે જે સિઝન શરૂ થયેથી શરૂ કરવામાં આવશે | ૧ | ૭ | સેન્ટર ભાડા પર કાર્યરત છે કારણકે માલિકીની જમીન ઉપબ્ધ ન હોવાથી સેન્ટર બંધ રહે છે. અને સિઝન મુજબ ચાલુ કરવામાં આવે છે. |
| ૭ | ભરૂચ | ૫ | ૪ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડા કાર્યરત હતા | ૧ સેન્ટર પોતાનું મકાન ન હોવાથી બંધ છે | ૪ | ૧ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| ૮ | ડાંગ | ૬ | ૦ | તમામ સેન્ટર ખાનગી જમીન પર કાર્યરત હતા | તમામ સેન્ટર સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે. | ૪ | ૪ | સેન્ટર ભાડા પર કાર્યરત છે કારણકે માલિકીની જમીન ઉપબ્ધ ન હોવાથી સેન્ટર બંધ રહે છે. અને સિઝન મુજબ ચાલુ કરવામાં આવે છે. |
| ૯ | નવસારી | ૮ | ૩ | જુથના પોતાની માલીકીના જમીનમાં કાર્યરત છે. | ૦૫ સેન્ટર સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે. | ૦ | ૩ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| ૧૦ | વલસાડ | ૧૧ | ૧૦ | જુથના પોતાની માલીકીના જમીનમાં કાર્યરત છે. | ૧ સેન્ટર બંધ છે જે સિઝન શરૂ થયેથી શરૂ કરવામાં આવશે | ૧ | ૧૦ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |

| ક્રમ | જીલ્લાનુ નામ | લક્ષ્યાંકીત સેન્ટરની સંખ્યા | કાર્યરત સેન્ટરની સંખ્યા | ખાનગી જમીન/ સરકારશ્રી જમીન | સેન્ટર ક્યારે ફરીથી શરૂ કરવામાં આવશે | કેટલા સેન્ટમાં યોજના હેઠળ બાંધકામ કરવામાં આવેલ છે. | બાંધકામ માટે કેટલા સેન્ટરની જમીન ઉપલબ્ધ છે. | સેન્ટર બંધ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | સુરત | ૭ | ૧ | તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | ૬ સેન્ટર બંધ છે જે સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે. | ૦ | ૨ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| ૧૨ | મહીસાગર | ૭ | ૫ | જુથના પોતાની માલીકીના જમીનમાં કાર્યરત છે. | ૨ સેન્ટર બંધ છે જે મકાન ન હોવાના લીધે કાર્યરત નથી | ૦ | ૭ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| ૧૩ | અરવલ્લી | ૬ | ૫ | ૧ સેન્ટર સરકારી જમીનમાં કાર્યરત છે જ્યારે અન્ય જુથના પોતાની માલીકીની જમીનમાં કાર્યરત છે. | ૧ સેન્ટર બંધ છે જે સ્વસહાય જુથના વિખવાદના કારણે બંધ છે | ૦ | ૩ | - |
| ૧૪ | તાપી | ૮ | ૦ | ૨ સેન્ટર સરકારી જમીનમાં કાર્યરત હતા અન્ય તમામ સેન્ટર ખાનગી જમીન પર ભાડાથી કાર્યરત હતા | તમામ સેન્ટર હાલ બંધ છે ચિમાસા ઋતુમાં શરૂ કરવામાં આવશે | ૧ | ૦ | સિઝન મુજબ શરૂ કરવામાં આવે છે જેથી સેન્ટર બંધ રહે છે. |
| કુલ | | ૧૦૦ | ૫૨ | | | ૨૫ | ૪૮ | |

<table>
<tr><td colspan="4">ગ્રાન્ટની વિગતો</td></tr>
<tr><td colspan="2">વર્ષ</td><td>બાંધકામ માટેની ગ્રાન્ટ</td><td>રીકરીંગ ગ્રાન્ટ</td></tr>
<tr><td colspan="2">A</td><td>B</td><td>C</td></tr>
<tr><td colspan="2">૨૦૧૫–૨૦૧૬</td><td>૩ કરોડ ૪૮ લાખ ૨૦ હજાર</td><td>૩ કરોડ ૯૯ લાખ ૫૦</td></tr>
<tr><td colspan="2">૨૦૧૬–૨૦૧૭</td><td>૩ કરોડ ૮૮ લાખ ૮૦ હજાર</td><td>૬૧ લાખ ૨૦ હજાર</td></tr>
<tr><td colspan="2" align="right">કુલ</td><td>૭ કરોડ ૩૭ લાખ</td><td>૪ કરોડ ૬૦ લાખ ૭૦ હજાર</td></tr>
<tr><td colspan="4"></td></tr>
<tr><td>વર્ષ</td><td>બાંધકામ ખર્ચ (રૂ. લાખમાં)</td><td>સ્વ સહાય જુથ માટે રીકરીંગ ખર્ચ (રૂ. લાખમાં)</td><td>બાંધકામ માટે બચત રકમ (રૂ. લાખમાં)</td></tr>
<tr><td>૨૦૧૫–૨૦૧૬ અને વર્ષ ૨૦૧૬–૨૦૧૭</td><td>૧ કરોડ ૮૪ લાખ ૨૫ હજાર</td><td>૧ કરોડ ૨૨ લાખ ૮૧ હજાર</td><td>૫ કરોડ ૫૨ લાખ ૭૫ હજાર</td></tr>
</table>

**Back To Index**